Chapter-3





## વાર્તાકાર સરોજ પાઠક : વિકાસક ભૂમિકા

છઠ્ઠા દાયકનો ઉત્તરાર્ધ એ સરોજ પાઠકનો વાર્તાસાહિત્યમાં પ્રવેશનો સમયગાળો છે. એ પછી ત્રણ દાયકા સુધી એમણે વાર્તાસર્જન કર્યું છે. એનો મહિમા કરીએ એટલો ઓછો છે.

સરોજ પાઠકની 'સારિકા પંજરસ્થા'(૧૯૫૬) જેવી પ્રારંભિક વાર્તા આધુનિક વાર્તાકલાક્ષેત્રે નોંધપાત્ર બને છે. જો કે તેમની પ્રથમ વાર્તા 'સાત-સાત વર્ષે' (૧૯૫૬) વાર્તા તરીકે ન સ્વીકારાતાં લાગણીપ્રચુર નિબંધ તરીકે લેખાઈ. આ જ વર્ષે 'નહીં અંધારું નહીં અજવાળું', 'જીવનમાધુરી' સામાયિકમાં પ્રગટ થઈ અને ૧૯૫૬માં જ સંવેદનાત્મક અને પ્રયોગાત્મક બેઉ સ્તરે આજપર્યંત ઉલ્લેખનીય અને આસ્વાદ્ય રહેલી 'સારિકા પંજરસ્થા'એ સરોજ પાઠકને વાર્તાકાર તરીકે સ્થાપી આપ્યાં. આ વાર્તામાં સરોજ પાઠકે કરેલો કથનકેન્દ્ર અને ભાષાશૈલીનો સમર્થ વિનિયોગ રૂપરચનાની સભાનતા સાથે નથી પણ વાર્તાને અનુરૂપ અનાયાસે આવી જતી ટેકનિક લેખે થયો હતો. સ્વાતંત્ર્ય માટેનો ઝૂરાપો, બંધનની પીડા અને અસીમ યાતનાનું વાહક બનીને આવતી આ વાર્તામાં બાહ્ય ઘટના અને તેની સામેની પ્રતિક્રિયા વડે અભિવ્યક્તિ પામતું નાયિકાનું આંતરવિશ્વ આ બેઉ વચ્ચે વિસ્તરતું-વિકસતું કથાશિલ્પ માત્ર કળાકીય સૌંદર્ય સિદ્ધ નથી કરતું પણ સાથોસાથ વાર્તાના મૂળ સંવેદનને સચોટ અને સક્ષમ બનાવી કરુણની વ્યંજના જન્માવે છે.

૧૯૫૯ થી ૧૯૯૦ લગભગ ત્રીસ વર્ષના સમયગાળાની સર્જનયાત્રામાં સરોજ પાઠક પાસેથી કુલ સાત વાર્તાસંગ્રહો મળે છે. 'પ્રેમ ઘટા ઝૂક આઈ' (૧૯૫૯), પ્રીત બંધાણી (૧૯૫૯)

(રમણ પાઠક સાથે) 'મારો અસબાબ મારો રાગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૬૬), તથાસ્તુ (૧૯૭૨), 'હુકમનો એક્કો' (૧૯૮૭), અને 'હું જીવું છું' (૧૯૯૦, મરણોત્તર પ્રકાશિત વાર્તાસંગ્રહ) સરોજ પાઠકના વાર્તાસર્જનમાંની કુલ ૧૫૦ જેટલી વાર્તાઓમાંથી અડધા ઉપરાંતની વાર્તાઓ કોઈને કોઈ રીતે નોંધપાત્ર છે – આસ્વાદ્ય અને વિવેચન ખમી શકે તેવી સક્ષમ છે. સરોજ પાઠકની આરંભકાલીન રચનાઓમાં ન કૌંસમા ન કૌંસ બહાર' (વિરાટ ટપકું) 'સારિકા પંજરસ્થા' ('મારો અસબાબ' મારો રાગ') તેમજ ત્યાર પછીની 'રાનાપીલીવાનીજા' અને 'રંગ રંગ વાદળિયાં' જેવી રચનાઓમાં ભાવસૃષ્ટિ અને એને એને અનુરૂપ ભાષાકીય પ્રયુક્તિમાં સરોજ પાઠકની સર્જકપ્રતિભાનો ઉન્મેષ જોઈ શકાય છે.

'ન કૌંસમાં ન કૌંસ બહાર' અને 'સારિકા પંજરસ્થા' જેવી શરૂઆતની રચનાઓથી માંડી છેલ્લે 'હથેળીમાં આકાશ' ('હુકમનો એક્કો') અને 'વેકેન્સી' (હું જીવું છું) સુધીની મોટાભાગની વાર્તામાં મુખ્ય કથાબીજને અને પાત્રનાં સંવેદન-વિશ્વને પ્રતીકો અને કલ્પનો વડે અનુભૂતિક્ષમ રીતે મૂકી આપ્યું છે. વાર્તાની સંરચનામાં પાત્રના મનોજગતની ભાત પણ વણાતી જાય છે. કૃતિસંરચન પણ પાત્રના ભાવવિશ્વને તાદશ કરવા ઉપકારક બને છે પાત્રની ભાવાવસ્થાને નિમિત્તે જ એ પ્રમાણેની ભાષાપ્રયુક્તિનો વિનિયોગ થયો છે. તેથી આ વાર્તાઓ સંવેદનાત્મક અને પ્રયોગાત્મક બેઉ સ્તરે નોંધપાત્ર બની રહે છે.

ગુજરાતી કથાસાહિત્યમાં નૂતન શૈલીની આબોહવામાં ૧૯૫૯માં 'પ્રેમઘટા ઝૂક આઈ' અને 'પ્રીત બંધાણી' (રમણ પાઠક સાથે) પછી ૧૯૬૬માં 'મારો અસબાબ મારો રાગ' અને 'વિરાટ ટપકું' સંગ્રહની વાર્તાઓમાં સરોજ પાઠકની સર્જનપ્રક્રિયાના વિકાસનો આલેખ મળી રહે છે. માનવમનના નક્કર વાસ્તવની સાથોસાથ એ વાસ્તવને સૂક્ષ્મતાથી રજૂ કરતી વ્યંજનાત્મક શૈલી ધ્યાનાર્હ બની રહે છે. 'વિરાટ ટપકું' વાર્તાસંગ્રહની વાર્તાઓમાં મહદ્અંશે નારીસંવેદન કેન્દ્રસ્થાને છે. જેમાં 'વિરાટ ટપકું', 'સ્વયંવર', 'સંજીવની', 'દુશ્ચક્ર', 'વિશ્રંભકથા', 'મનઃસંધાન', 'રંગ રંગ વાદળિયા', 'દુસ્વપ્ન', 'ન કૌંસમાં ન કૌંસ બહાર' જેવી વાર્તાઓ એની ભાવગત/કલાગત

સમૃદ્ધિને કારણે આસ્વાદ્ય અને નોંધપાત્ર બને છે.

'સ્વયંવર' વિશ્રંભકથા અને 'દુશ્ચક્ર' જેવી વાર્તાઓમાં નારીસંવેદનની સાથોસાથ પુરૂષનું સંવેદનવિશ્વ પણ સ્પર્શક્ષમ રીતે આલેખન પામ્યું છે. આ વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં જયંત ખત્રી કહે છે. 'અનન્ત અનુભૂતિને જન્મ આપતું આ ટપકું એટમના ન્યુકલીઅસ જેટલી આદ્યશક્તિ ધરાવતું હોઈ બ્રહ્મ જેટલું વિરાટ છે. અનેક સર્જનનો ગર્ભમાં બીજ બની રહે તેવું છે.'[૧]

આ જ અરસામાં પ્રકાશિત થયેલા 'મારો અસબાબ મારો રાગ' વાર્તાસંગ્રહની બાવીસ વાર્તાઓમાંથી નવ વાર્તા ત્રીજા પુરૂપ એકવચનના સાક્ષીભાવે કથનકેન્દ્રની શૈલી છે. 'મારો અસબાબ મારો રાગ'ની વાર્તાઓ વિષયવસ્તુ, પાત્રચિત્રણ અને ભાષાશૈલીને કારણે નોંધપાત્ર બને છે.

૧૯૬૬માં જ રમણ પાઠક સાથેના વાર્તાસંગ્રહ 'પ્રીતબંધાણી'માં નવ વાર્તાઓમાંથી ત્રણ વાર્તા પ્રથમ પુરુષ એકવચનની આત્મકથનાત્મક શૈલીમાં અને છ વાર્તા ત્રીજા પુરુષ એકવચનના કથકના સાક્ષી ભાવે નિરૂપાઈ છે. 'બબ્બુનો પ્રશ્ન' 'આદવેર', હરિનો મારગ અને 'ચાંદલો' જેવી વાર્તાઓમાં સરોજ પાઠકની સર્જકપ્રતિભાનો નવોન્મેષ જોઈ શકાય છે. આ ત્રણ વાર્તાસંગ્રહ પછી લગભગ છ વર્ષ બાદ ૧૯૭૨માં સરોજ પાઠક પાસેથી 'તથાસ્તુ' વાર્તા સંગ્રહ મળે છે. કુલ ત્રેવીસ વાર્તાઓને સમાવી લેતો આ વાર્તાસંગ્રહ વિષયવૈવિધ્ય અને સ્પર્શક્ષમ અભિવ્યક્તિવાળી વાર્તાઓને કારણે ધ્યાનાકર્ષક બની રહે છે.

સર્જકના સાક્ષી ભાવે ત્રીજો પુરુષ એકવચનમાં કહેવાતી તેર વાર્તાઓ અને પાત્રના સ્વમુખે કહેવાતી દશ વાર્તાઓ પૈકી અડધા ઉપર વાર્તાઓમાં વિષયવૈવિધ્ય અને શૈલીનાવીન્ય જોવા મળે છે.

'ચકિતઃ વ્યથિતઃ ભયભીતઃ' 'મારા ચરણકળણમાં એટલે એકટસી' 'કુર્યાત સદા...' 'લૂંટારો' 'કેદી' 'રાનાપીલીવાનીજા' 'માણસ' 'કોને કહું? કેમ કહું?' તથા 'એ કોકો બિચારા' જેવી વાર્તાઓમાં કોઈક ને કોઈક રીતે જીવનમાં અસલામતી, લઘુતાગ્રંથિ, ગૂંગળામણ અને વિક્ષિપ્ત મનોદશાનો ભોગ બનતા સ્ત્રી-પુરુષના ભાવજગતને તાદૃશ કરવાનો લેખિકાનો પ્રયાસ સફળ રહ્યો છે. સાથોસાથ

આ વાર્તાસંગ્રહ તેમાંની વાર્તાઓમાં થયેલા શૈલીગત પ્રયોગને સ્તરે પણ સફળ રહે છે. તેની પ્રસ્તાવનામાં પ્રમોદકુમાર પટેલ નોંધે છેઃ ''તથાસ્તુ''ની વાર્તાઓ આગળની વાર્તાકલાથી જુદી ગતિ કરે છે, પ્રયોગશીલતાનો નવો તબક્કો એમાં જોઈ શકાય છે.[૨]

આમ 'તથાસ્તુ' વાર્તાસંગ્રહ તેમાંની અમુક વાર્તાઓ બાદ કરતા બાકીની તમામ વાર્તાઓ કથાબીજની અને એની સક્ષમ માવજત વડે ધ્યાનાર્હ બને છે. 'તથાસ્તુ' પછી પંદરેક વર્ષે 'હુકમનો એક્કો' વાર્તાસંગ્રહ સરોજ પાઠકે આપ્યો. કુલ વીસ વાર્તાઓવાળા આ સંગ્રહની શરૂઆતની દશેક વાર્તાઓ નિવડી આવી છે. 'હથેળીમાં આકાશ' 'હજી તો' 'હૂકમનો એક્કો' 'દિલચોરી' 'નામ વિનાનો રોગ' 'તે થઈ છે.' 'પાનખરની કૂંપળ' 'કોઈ એકાદ જખ્મ તો આપો.' વગેરે વાર્તાઓમાં પાત્રોના મનોવ્યાપારના સૂક્ષ્મ ચિત્રણની સાથે યથાયોગ્ય માવજત આગળની વાર્તાઓનાં કથાબીજના પુનરાવર્તનો અને સામ્યો છતાં વાર્તાઓ રેઢિયાળ બનતા બચી છે.

સરોજ પાઠકનો છેલ્લો અને મરણોત્તર પ્રકાશન પામેલો વાર્તાસંગ્રહ 'હું જીવું છું' (૧૯૯૦)માં કુલ બાવીસ વાર્તાઓ છે. તેમાંની કેટલીક જ વાર્તાઓ સત્વશીલ છે. 'વૅકેન્સી' 'હૂકમ સર ચોકડી' 'અંતરિયાળ આવજા' 'અફીણની કાંકરી', 'હું જીવું છું', 'પ્રતિનાયક', 'હિમાલી આકાશ', 'છેલ્લી વાત' જેવી વાર્તાઓ સારી છે. છતાં પણ સરોજ પાઠકની આરંભકાલીન વાર્તાઓ જેવું સત્ત્વ તેમાં જળવાતું નથી. વિષયનાવીન્ય ઓછું અને પુનરાવર્તનો વધુ હોય તેવા આ અંતિમ વાર્તા સંગ્રહમાંથી ભાષાકીય પ્રયુક્તિઓના સફળ વિનિયોગ પછી ઝાઝુ કાંઈ મળતું નથી.

સરોજ પાઠકના સમગ્ર વાર્તાસર્જનને સંદર્ભે મોટેભાગે વિષયવસ્તુ તરીકે દામ્પત્યજીવન અને તેનાં પ્રશ્નો કેન્દ્ર સ્થાને છે. કેટલીક વાર્તાઓમાં સામાજિક પ્રશ્નો પણ મુખ્ય વિષય બનીને આવે છે. એમના ૭ વાર્તાસંગ્રહમાંથી કુલ ૧૨૩ વાર્તાઓમાંથી ૯૧ વાર્તાઓમાં કથનકેન્દ્ર ત્રીજા પુરુષ એકવચનનું છે, ૩ વાર્તામાં મિશ્ર કથનકેન્દ્ર છે. અને બાકીની ૨૯ વાર્તાઓ પ્રથમ પુરૂષ એકવચનનું કથનકેન્દ્ર ધરાવે છે. પ્રથમ પુરુષ એકવચનના કથન કેન્દ્રમાં સરોજ પાઠક એ કથનશૈલીથી બીજી વાર્તાઓની સરખામણીમાં વધારે સૂક્ષ્મતાથી પાત્રના ભાવજગતને ઉઘાડી આપી શક્યાં

છે. આને કારણે જ નવલકથામાં લેખિકાએ આ કથનકેન્દ્રનો મહત્તમ વિનિયોગ કર્યો છે.

આ વાર્તાઓમાંથી સિત્તેર જેટલી વાર્તાઓ વિષયવસ્તુ અને તેની યથોચિત માવજતને કારણે નિવડી આવી છે. બાકીની વાર્તાઓમાં સંચરનાગત સફળ પ્રયોગો છતાં વાર્તા સ્પર્શક્ષમ બનતી નથી. આ તમામ વાર્તાઓમાં બાળકના માનસપટ પર તેના સ્વાનુભવ દ્વારા અંકાયેલી છબીથી નિર્માતા ભાવવિશ્વથી માંડીને યુવાન સ્ત્રી-પુરુષ અને વૃધ્ધાવસ્થાને જીવતા-જીરવતા પાત્રોના ભાવજગત આલેખાયા છે. એ અર્થમાં વિષયનાવીન્ય સાથે લેખિકા તમામ વય અને જાતિના જીવનના ઊંડાણોને તાગતા કથાબીજ ને શૈલીના વિશિષ્ટ પ્રયોગો વડે યથાર્થ આલેખે છે. પાત્રની વય અને જાતિ પ્રમાણેનું ભાવાનિર્માણ સરોજ પાઠકની વાર્તાઓનું જમા પાસું ગણાવી શકાય.

આમ સરોજ પાઠકની સમગ્ર વાર્તાઓમાંથી પોણાભાગની વાર્તાઓ એના વિષયની વિવિધતા, પાત્રોનું વય જાતિ સંદર્ભે વિશાળ ફલક અને ભાષાની પ્રયુક્તિઓના સફળ વિનિયોગ વડે આધુનિક વાર્તાકલામાં મહત્ત્વની બને છે.

નવલકથાકાર સરોજ પાઠક : વિકાસક ભૂમિકા

૧૯૫૯ થી ૧૯૬૬ સુધીમાં પોતાના નોંધાપાત્ર ચાર વાર્તાસંગ્રહો વડે સમર્થ વાર્તાકાર તરીકે પ્રતિષ્ઠા પામેલાં સરોજ પાઠક ૧૯૬૯માં એમની પહેલી નવલકથા 'નાઈટમેર' સાથે નવલકથાક્ષેત્રે પદાર્પણ કરે છે. સરોજ પાઠકની નવલકથાકાર તરીકેની સર્જનયાત્રાના દાયકાના દીર્ઘ સમયગાળામાં એમની પાસેથી કુલ સાત નવલકથા મળે છે. 'નાઈટમેર' ૧૯૬૯, 'નિઃશેષ' ૧૯૭૯, 'ઉપનાયક' ૧૯૮૬, 'ટાઈમ બોમ્બ' અને 'પ્રિય પૂનમ' ૧૯૮૭ 'લિખિતંગ' ૧૯૯૮ અને 'મન નામે મહાસાગર' ૧૯૯૪ [મરણોત્તર પ્રકાશિત - અપૂર્ણ, પણ વિદ્યાર્થી રમેશ મોદી દ્વારા પૂર્ણ કરાઈ] એમ કુલ સાત નવલકથામાંથી ચાર નવલકથા 'નિઃશેષ', ઉપનાયક, પ્રિય પૂનમ, અને લિખિતંગ પ્રથમ પુરુષ એકવચનના કથનેકન્દ્રની આત્મકથનાત્મક શૈલીમાં છે. જ્યારે અન્ય બે નવલકથા ટાઈમબૉમ્બ અને મન નામે મહાસાગરમાં ત્રીજા પુરુષનું કથનકેન્દ્ર પ્રયોજાયું છે. જ્યારે તેમની પ્રથમ અને

મહત્ત્વની નવલકથા 'નાઈટમૅર'માં લેખિકાના સાક્ષીભાવે આવતું ત્રીજા પુરુષ એકવચનનું કથનકેન્દ્ર છે. આધુનિક જીવનની નીપજરૂપ દર્શન અને સંરચનાગત નૂતન શૈલી વિભાવનાની જે અસર કવિતા અને ટૂંકી વાર્તા પર થઈ તેની સરખામણીમાં નવલકથાક્ષેત્ર વિષયવસ્તુગત કે સ્વરૂપગત નૂતન પ્રયોગો / આવિષ્કારો ઘણાં ઓછા થયા. તેમ છતાં સાતમા-આઠમા દાયકાની નવલકથાએ આધુનિકતાનું વલણ તો દાખવ્યું જ. નવી નવલકથા સંદર્ભે સંકુલ માનવજીવનને આલેખતી સંકુલ સંરચનાવાળી નવલકથા ઝાઝી લોકપ્રિય ન થઈ પણ સર્જન સંદર્ભે ભાષાની વિશિષ્ટ શકયતાઓ અને સમૃદ્ધિથી સર્જન સંદર્ભે ભાષાની વિશિષ્ટ શકયતાઓ અને સમૃદ્ધિથી સર્જક ઘડાયો. ઘટેલી લોકપ્રિયતા સામે નવલકથા સ્વરૂપગત શકયતાઓ અને અભિવ્યક્તિગત સભરતા વડે વિશિષ્ટ બની.

નૂતન શૈલી વિભાવના અને પ્રયોગાત્મક ભૂમિકા સાથે ગણતરીની નવલકથા આવતી હોય એવા માહોલમાં શૈલીગત અને અભિવ્યક્તિગત વિશિષ્ટતાઓ લઈને આવતી સરોજ પાઠકની પહેલી નવલકથા 'નાઈટમેર' ઉલ્લેખનીય બને છે. ૧૯૬૯માં પ્રકાશિત થયેલી આ નવલકથા વિષયવસ્તુની કુશળ માવજત અને ભાષાશૈલીનો સમર્થ વિનિયોગ લેખિકાની સર્જન શક્તિનું પરિણામ અને પરિચાયક છે. ડૉ. સુમન શાહ 'ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો'માં નોંધે છે કે સરોજ પાઠકની નવલકથા નાઈટમેર આ દાયકાની એક અદ્‌ભુત, સુંદર મનોવૈજ્ઞાનિક નવલકથા છે. એની સુંદરતાનું રહસ્ય લેખિકાએ બસોનવ્વાણું પાનાના વિશાળ પટ પર સાતત્યપૂર્ણ ખંત અને ચીવટથી માનવમનની ગલીગૂંચીઓના અંધારાં-અજવાળાં ખોલતાં પરિમાણોની સંકુલતાઓની ડિઝાઈનો ગૂંથી છે તે ગૂંથણીના કસબમાં છુપાએલું છે.[૩]

નાઈટમેરમાં વરબદલાની એકમાત્ર મુખ્ય ઘટના / કથાબીજ વડે ત્રણેય પાત્રોના મનોજગતની પૂર્ણપણે બદલાતી જતી ભાવસ્થતિનું નિરૂપણ છે. પાત્રોની ચિત્તગત અવસ્થાઓ સ્વગતોક્તિ, સળંગ દીર્ઘવાક્યો કે વચવચમાં આવતા તૂટક વાક્યો, ભ્રમણાઓ તેમજ અન્ય પાત્રો સાથેના વર્તન દ્વારા નિરૂપી છે. આ પ્રકારનું નિરૂપણ આ નવલકથાનો મનોવૈજ્ઞાનિક અભિગમથી અભ્યાસ

કરવાનો અવકાશ ઊભો કરે છે. ચર્વિત ચર્વણ પ્રણય ત્રિકોણના વસ્તુથી વિશિષ્ટ પ્રણયત્રિકોણની નવતર ભૂમિકાવાળા વિષયવસ્તુ અને એવી જ આદ્યંત તાજગી સભર વિશિષ્ટ માવજત વડે દાયકાની ઉત્તમ નવલકથા બની શકી. નાઈટમેર પછી દશ વર્ષના લાંબા સમયાંતરે ૧૯૭૯માં સરોજ પાઠક પાસેથી 'નિઃશેષ' મળે છે. સ્ત્રીના પ્રણયવૈફલ્ય, સફળ દામ્પત્યજીવન અને પ્રૌઢાવસ્થાએ પ્રેમીના પુનરાગમન દ્વારા સર્જાતી કટોકટીની કરુણ કથા છે. પ્રેમીના પુનરાગમનને અતિ તીવ્ર ભાવસંવેગથી સંવેદવાની તેની અવસ્થા તેને મૃત્યુ ભણી દોરી જાય છે.

સ્ત્રીના ભાવનાત્મક જીવનના ઉતાર-ચઢાવના સંઘર્ષને કેન્દ્રમાં રાખી લખાએલી આ નવલકથા પણ વિષયવસ્તુના નાવીન્યની સાથોસાથ એની યોગ્ય માવજતને કારણે આધુનિક નવલકથાક્ષેત્રે પ્રયોગશીલ કહી શકાય તેવી નીવડેલી કૃતિ છે.

'નિઃશેષ' બાદ ૧૯૮૬માં સરોજ પાઠકની નવલકથા 'ઉપનાયક' આત્મકથાનાત્મક શૈલીમાં લખાઈ છે. સમગ્ર નવલકથાના કેન્દ્રમાં રહેતો નાયક પોતે વેરવિખેર અવસ્થામાં છે અને આખી નવલકથા દરમયાન તેની પોતાની જાત એકત્ર કરવાની મથામણોમાંથી કથાની આખી સંરચના આકાર છે. પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્ર ઉપરાંત ફ્લૅશબેકની પ્રયુક્તિ વધારે પ્રભાવક બને છે. એક તરફથી વાસ્તવવિશ્વ બીજી બાજુ કલ્પના જગત એક તરફ વર્તમાન અને એની સામે અતીત એમ સામસામા અંતિમો વડે અને ઘટનાની વિશૃંખલતા વડે નાયકની વેરવિખેર મનોદશાને યોગ્ય રીતે નિરૂપયું છે 'ઉપનાયક' સાદ્યંત સુંદર મનોવૈજ્ઞાનિક નવલકથા બની રહે છે.

'ઉપનાયક' બાદ તરત જ બીજા વર્ષે ૧૯૮૭માં પ્રકાશિત થયેલી નવલકથા 'ટાઈમબૉમ્બ' ત્રીજા પુરુષ એકવચનના કથનકેન્દ્રથી કહેવાતી નવલકથા છે. આ નવલકથા આગલી ત્રણ નવલકથાના વિષયવસ્તુથી થોડા જુદા પ્રકારનું વિષયવસ્તુ લઈને આવે છે અને નવલકથાની સરચના પણ જુદા પ્રકારની છે. આ નવલકથા સફળ દામ્પત્યજીવનમાં ત્રીજી સ્ત્રીના પ્રવેશને કારણે સર્જાતા વિસ્ફોટની કથા છે. પરંતુ સમજુ - શાણી પત્ની, બૉલ્ડ પ્રેયસી, રૂઢિચુસ્ત ફોઈ અને શારીરિક

માનસિક પંગુ દીકરી - ચારે વચ્ચે અટવાતો નાયક અંતે પોતાના પરિવારમાં પાછો ફરે છે અને આ પ્રણયત્રિકોણની કથાનો સુખાન્ત આવે છે.

'પ્રિયપૂનમ' બે મુખ્ય પાત્રો 'પ્રિયકાન્ત' અને 'પૂનમ' તેમજ તેમની આસપાસના ગૌણ પાત્રોની માનસિકતાને તાગે છે. વ્યભિચારી અને ગુપ્તરોગનો ભોગ બનેલો નાયક, સુશીલ અને અક્ષત યૌવના સ્ત્રી પત્ની તરીકે ઝંખે છે અને અનાથઆશ્રમની કન્યા પૂનમને પરણે છે. પૂનમ માટેની તેની શંકા અને અસલામતી અંતે મનોરૂગ્ણતામાં ફેરવાય છે. ગાંડપણની અવસ્થામાં ગૃહત્યાગ કરે છે. બેઉ પાત્રોની સ્વગતોક્તિ દ્વારા તેમની મનોદશાનું તાદશ આલેખન કરવામાં લેખિકા સફળ રહ્યા છે.

૧૯૮૮માં 'લિખિતંગ' નવલકથા જુદા વિષય વસ્તુને લઈને આવે છે. નવલકથાના કેન્દ્રમાં પુરૂષોથી છેતરાતી, તેમની વાસનાનો ભોગ બનતી સ્ત્રીના અનૌરસ સંતાનની વાત છે. વેદી વલ્કલ દ્વારા સ્વમુખે કહેવાતી પોતાની જીવનકથામાં પ્રથમ પુરૂષ એકવચનના કથનકેન્દ્ર છે.

ચાર પાત્રો વેદી, વલ્કલ, તેમની મા વેણુ અને તેના ગુનેગાર પ્રેમી તિલકસિંહ ગોહિલની સ્વગતોક્તિમાં કથાવસ્તુ વિકાસ પામે છે. મા-બાપ અને સંતાનો આ મિલન વડે સુખાન્ત સાધતી આ નવલકથા વસ્તુ અને રચનારીતિની દ્રષ્ટિએ ભાવનક્ષમ બની છે.

સરોજ પાઠકની છેલ્લી નવલકથા 'મન નામે મહાસાગર' કથાવસ્તુને નોખી માવજત દ્વારા નાવીન્ય અર્પે છે. બૃહત અને કસૂંબી-પૂરતાં પરિપકવ, બૌદ્ધિક અને વ્યવહારુ છે. પ્રેમની હદ સુધી વિકસેલી તેમની મૈત્રીમાં વેવલાઈ નથી પણ સમજણનું ઊંડાણ છે. બૃહતની પત્ની ઊર્જા ગભરુ અને સંકોચશીલ હોવાં છતાં પ્રતિભાસંપન્ન પણ છે. ઊર્જાના વ્યક્તિત્વ-વિકાસમાં રસ લેતી કસુંબી અને ઊર્જાની મૈત્રી સજાતીય સંબંધમાં પરિણમે છે. ઊર્જાના પ્રભાવશાળી સ્વતંત્ર વ્યક્તિત્વ વિકાસની અસલામતી અનુભવતા બૃહતનો ડર સાચો પડે છે પણ છતાં કોઈ વિસ્ફોટ સર્જાતો નથી. એના નવા રૂપને પણ આદરથી સ્વીકારે છે અને કસુંબીની માફક ઊર્જા પણ અંતે પોતાના સ્વતંત્ર અસ્તિત્વ અને વ્યવસાય સાથે નવજીવન શરૂ કરે છે.

આમ, ૧૯૬૯થી ૧૯૯૪ ચોત્રીસ વર્ષમાં સરોજ પાઠક પાસેથી સાત નવલકથા મળે છે તેમાંથી ત્રણ નવલકથાનું વસ્તુ ના કેન્દ્રમાં પ્રણય ત્રિકોણ છે અને અન્ય ચાર નવલકથામાં લગ્નેતર સંબંધો કેન્દ્રસ્થાને છે. 'નાઈટમેર', 'ટાઈમ બૉમ્બ' અને 'મનનામે મહાસાગર'માં પ્રણય ત્રિકોણનું સામાન્ય વસ્તુ હોવા છતાં ત્રણેયની માવજત અને પ્રણય ત્રિકોણની ભૂમિકામાં વૈવિધ્ય છે તેથી ત્રણેય નવલકથા રેઢિયાળ કે એકવિધ બનતા ઉગરી છે.

'નિઃશેષ', 'ઉપનાયક', 'પ્રિય પૂનમ' અને 'લિખિતંગ' એ ચાર નવલકથાનું વસ્તુ લગ્નેતર સંબંધોને કેન્દ્રમાં રાખીને રચાયું છે પણ ચારેય નવલકથાના પાત્રોના લગ્નેત્તર સંબંધો અને જે સ્થિતિમાં આ સંબંધો સર્જાયાં છે તેની ભૂમિકા ભિન્ન હોવાથી એ ચાર નવલકથામાં પણ એકવિધતા લાગતી નથી.

આમ સરોજ પાઠકની વાર્તાકાર તરીકેની પ્રતિષ્ઠાને કારણે તેમની આરંભકાલીન નવલકથાની જોઈએ તેવી નોંધ ભલે ન લેવાઈ હોય પણ વાર્તાસંગ્રહની જેમ જ નવલકથાક્ષેત્રના પદાર્પણ બાદ સંખ્યાવૈપુલ્ય અને ગુણવત્તા બેઉની દૃષ્ટિએ તેમને પ્રતિષ્ઠા અપાવનારી નવલકથાઓ દ્વારા સાતમા-આઠમા દાયકાની નોંધપાત્ર નવલકથાકાર તરીકે સ્થાપે છે.

**સંદર્ભનોંધઃ**

૧. 'વિરાટ ટપકું', ૧૯૬૪, પ્રસ્તાવના– જયંત ખત્રી, પૃ.૧૦

૨. 'તથાસ્તુ', ૧૯૭૨, પ્રસ્તાવના – પ્રમોદકુમાર પટેલ.

૩. 'ચંદ્રકાન્ત બક્ષીથી ફેરો', સુમન શાહ, પૃ. ૯૨-૯૩.

* * *